
# વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું ચીનમાં ભવ્ય સ્વાગત










બેજિંગ,તા. ૧૪

ચીનના ઐતિહાસિક અને સીમાચિહ્નરૂપી પ્રવાસે પહોંચ્યા બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે ખૂબ જ સાનુકુળ માહોલમાં ચીની પ્રમુખ શી જિનપિંગ સાથે શિખર વાતચીત કરી હતી. ત્યારબાદ બન્ને નેતાઓ બૌદ્ધ ધર્મને લોકપ્રિય બનાવવામાં સંત જુઆન જાંગના યોગદાનની સ્મૃતિમાં બનાવવામાં આવેલા છઠ્ઠી સદીના વાઈલ્ડ ગૂજ પૈગોડા ખાતે પણ પહોંચ્યા હતા. આજે સવારે શિઆન પહોંચ્યા બાદ તેઓએ ઉચ્ચસ્તરીય પ્રતિનિધિ સ્તરની મંત્રણા પણ યોજી હતી. ત્યારબાદ બન્ને નેતાઓ વચ્ચે શિખર બેઠક યોજાઈ હતી. જેમાં વિવિધ મુદ્દાઓ છવાયા હતા. શી જિનપિંગે શાનકસી ગેસ્ટહાઉસમાં મોદીનું ભવ્ય સ્વાગત કર્યું હતું અને બન્ને નેતાઓએ ફોટોગ્રાફરો માટે હાથ મિલાવ્યા હતા. મોદીએ કહ્યું હતું કે, શી જિનપિંગ દ્વારા તેમનું જે રીતે સ્વાગત કરાયું છે તેનાથી તેઓ ખૂશ છે. મોદીએ હિંદીમાં વાત કરી હતી જ્યારે શી જિનપિંગે ચીની ભાષામાં વાત કરી હતી. ચીની પ્રમુખે ગયા વર્ષે સપ્ટેમ્બર મહિનામાં અમદાવાદની તેમની યાત્રાની યાદો તાજી કરી હતી. જે દરમિયાન મોદીએ જિનપિંગ માટે રંગારંગ કાર્યક્રમો યોજ્યા હતા. સાબરમતી રિવરફ્રન્ટ ખાતે જુદા-જુદા કાર્યક્રમો યોજાયા હતા. બન્ને નેતાઓ વચ્ચે વિવિધ મુદ્દા પર ચર્ચા થઈ હતી. જેમાં વેપાર કારોબારને વધારવા, વેપાર અસંતુલાને દૂર કરવા, સરહદી મુદ્દા પર ચર્ચા થઈ હતી. વિદેશ સચિવ એસ જયશંકરે કહ્યું હતું કે બન્ને નેતાઓએ આતંકવાદ સામેની લડાઈમાં સહકારને મજબુત કરવાની જરૂરીયાત પર ભાર મુક્યો હતો. ઉપરાંત કનેક્ટીવીટીને વધારવાનો મુદ્દો પણ છવાયો હતો. શિખર વાતચીતમાં સંબંધોને મજબુત કરવા ચર્ચા થયા બાદ મોદી અને શી જિનપિંગ વાઈલ્ડ ગૂજ પૈગોડા ખાતે પહોંચ્યા હતા. આને પવિત્ર બૌદ્ધ સ્થળ તરીકે ગણવામાં આવે છે. આનું નિર્માણ ૬૫૨ એડીમાં કરવામાં આવ્યું હતું. અહીં ઘણા કાર્યક્રમોનું આયોજન થાય છે. મોદીને અહીં કેટલાક બૌદ્ધ સાધુઓએ પણ માહિતી આપી હતી.

અગાઉ વડાપ્રધાન નરેન્દ્ર મોદી ત્રણ દેશોના ઐતિહાસિક પ્રવાસે રવાના થયા બાદ વહેલી પરોઢે જ ચીન પહોંચી ગયા હતા. મોદી સવારમાં આશરે ચાર વાગે ચીની પ્રમુખ શી ઝિનપિંગના વતન શિઆન પહોંચ્યા હતા. મોદી હવે ત્રણ દિવસ સુધી ચીનમાં રોકાશે. વડાપ્રધાન તરીકે મોદી પ્રથમ વખત ચીન પહોચ્યા બાદ તેમનુ ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતુ. મોદીએ પ્રવાસ પહેલા કહ્યું હતું કે તેઓ ચીન યાત્રાની રાહ જોઈ રહ્યા છે. ૨૧મી સદી એશિયાની છે. મોદીની સાથે રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજિત ડોભાલ અને વિદેશ સચિવ એસ.જયશંકર પણ પહોંચ્યા હતા. શિઆંન પહોંચ્યા બાદ મોદી સીધા ટેર્રાકોટ્ટા વોરિયર્સ મ્યુઝિયમમાં પહોંચ્યા હતા. ચીન, મંગોલિયા અને દક્ષિણ કોરિયાની યાત્રા દરમિયાન મોદી ચાવીરૂપ ક્ષેત્રોમાં સહકાર વધારવાના પ્રશ્ને વાતચીત કરનાર છે. મોદીની છ દિવસની ત્રણ દેશોની ઐતિહાસિક યાત્રા પર વિશ્વની નજર કેન્દ્રિત થઈ ગઈ છે. તેમની ત્રણ દેશોની યાત્રાના પ્રથમ તબક્કામાં તેઓ આજે વહેલી સવારે ચીન પહોંચી ગયા હતા. ત્યારબાદ મંગોલિયા અને દક્ષિણ કોરિયા જશે. ચાવીરૂપ ક્ષેત્રોમાં સહકારને વધારવા માટે ત્રણ દેશો સાથે શ્રેણીબદ્ધ સમજુતી કરવામાં આવનાર છે.વડાપ્રધાન અને ચીની પ્રમુખ સાથે વાતચીતની સાથે સાથે મોદી ટોપ ચીની સીઈઓને પણ મળશે. જેમાં અલીબાબાના સ્થાપકનો સમાવેશ થાય છે. આ ઉપરાંત ચીની યાત્રાના છેલ્લા દિવસે ૧૬મી મેના દિવસે શાંઘાઈમાં ભારત ચીની બિઝનેસ ફોરમને પણ સંબોધશે. ચીન ગુજરાત અને મહારાષ્ટ્રમાં બે ઔદ્યોગિક પાર્ક સ્થાપવા ૨૦ અબજ ડોલર રોકવા માટે તૈયાર છે. ભારતમાં નાણાપ્રવાહનો વરસાદ હજુ શરૂ થયો નથી. ગયા વર્ષે ચીની પ્રમુખ જિનપિંગ અમદાવાદ આવ્યા હતા.

ચીન બાદ મોદી મોંગોલિયા જશે જ્યાં મોંગોલિયન સંસદને રવિવારે સંબોધન કરશે. તેઓ મોંગોલિયાની યાત્રા કરનાર પ્રથમ ભારતીય વડાપ્રધાન બનશે. મોંગોલિયન પ્રમુખ સાથે દ્વિપક્ષીય સંબંધો ઉપર વાતચીત કરશે. પરમાણુ ટેકનલોજી, સોલર વિન્ડ એનર્જી, વિમાની સેવા અને અન્ય ક્ષેત્રોમાં પરમાણુ સમજૂતિ ઉપર હસ્તાક્ષર કરાશે. બંને પક્ષો બેવડા કરવેરા નાબૂદી સમજૂતિ ઉપર હસ્તાક્ષર પણ કરશે. પરિવહન હાઈવે અને અન્ય ક્ષેત્રોમાં સમજૂતિ થશે. મોદી ૧૯મી મેના દિવસે સિયોલથી નવી દિલ્હી પરત ફરશે.તેમની યાત્રા ખુબ મહત્વપૂર્ણ સાબિત થનાર છે.

### કયા-કયા મુદ્દે ચર્ચા......

બેજિંગ, તા. ૧૪

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ચીનના પ્રવાસે પહોંચ્યા બાદ પ્રથમ દિવસે જુદા-જુદા કાર્યક્રમોમાં જોડાયા હતા. જેના ભાગરૂપે તેઓ વાઈલ્ડ ગુજ પૈગોડાની યાત્રા માટે પણ પહોંચ્યા હતા. જ્યાં તેઓએ યાદગાર ફોટાઓ પડાવ્યા હતા. કયા મુદ્દે શિખર મંત્રણા થઈ તે નીચે મુજબ છે.

- આતંકવાદ સામેની લડાઈમાં સહકારને વધારવા
- એકબીજા સાથે સંપર્કને વધારવાનો મુદ્દો
- વેપાર અને કારોબારને વધારવાનો મુદ્દો
- બન્ને દેશો વચ્ચે વેપાર અસંતુલાને દૂર કરવાના પ્રયાસનો મુદ્દો
- જટીલ સરહદી વિવાદ આંતરરાષ્ટ્રીય પ્રશ્નો
- બન્ને દેશોમાં મૂડીરોકાણને વધારવાનો મુદ્દો
- પ્રતિનિધિસ્તરે થયેલી વાતચીતનો મુદ્દો
- કલા અને સંસ્કૃતિ, પ્રવાસના મુદ્દે ચર્ચા
- નેપાળમાં ભૂકંપ બાદ કટોકટી
- પાણીની સમસ્યા મુદ્દે માલદીવને મદદનો મુદ્દો

### વાઈલ્ડ ગૂજ પૈગોડા ખાતે ખાનગી પળો માણી
## ઐતિહાસિક યાત્રાની સાથે-સાથે

બેજિંગ, તા. ૧૪

ચીનના ઐતિહાસિક અને સીમાચિહ્નરૂપી પ્રવાસે પહોંચ્યા બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે ખૂબ જ સાનુકુળ માહોલમાં ચીની પ્રમુખ શી જિનપિંગ સાથે શિખર વાતચીત કરી હતી. ત્યારબાદ બન્ને નેતાઓ બૌદ્ધ ધર્મને લોકપ્રિય બનાવવામાં સંત જુઆન જાંગના યોગદાનની સ્મૃતિમાં બનાવવામાં આવેલા છઠ્ઠી સદીના વાઈલ્ડ ગૂજ પૈગોડા ખાતે પણ પહોંચ્યા હતા. મોદીની ઐતિહાસિક યાત્રાની સાથે-સાથેનો ઘટનાક્રમ નીચે મુજબ છે.

- ત્રણ દેશોના ઐતિહાસિક પ્રવાસ પર રવાના થયા બાદ મોદી પ્રથમ તબક્કામાં ચીન પહોંચ્યા
- સવારે આશરે ચાર વાગ્યે ચીની પ્રમુખ જિનપિંગના વતન શિઆન પહોંચ્યા
- મોદી આગામી ત્રણ દિવસ સુધી ચીનમાં રહેશે, ત્યારબાદ મંગોલિયા અને કોરિયા જશે
- શિઆનમાં અયોજિત જુદા-જુદા કાર્યક્રમોમાં જોડાયા
- મોદીની સાથે રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજીડ ડોભાલ અને વિદેશ સચિવ જયશંકર તથા વરિષ્ઠ અધિકારીઓ પણ રહ્યા
- મોદીએ જુદા-જુદા કાર્યક્રમોમાં ભાગ લેવાની શરૂઆત કરી
- મોદી સવારમાં પહોંચ્યા બાદ તેમનું ભવ્ય સ્વાગત કરાયું
- છેલ્લા એક વર્ષના ગાળામાં મોદી અને જિનપિંગ વચ્ચે ત્રીજી વખત બેઠક યોજાઈ
- મોદી છઠ્ઠી સદીમાં બનેલા પ્રતિષ્ઠિત વાઈલ્ડ ગૂજ પૈગોડા ખાતે પણ પહોંચ્યા
- મોદી અને જિનપિંગે પૈગોડા ખાતે ખાનગી પળો પણ માણી
- મોદી અને જિનપિંગ વચ્ચે જુદી-જુદી ભેંટોની આપલે થઈ
- મોદીએ સંબંધોને મજબુત કરવાના મુદ્દે ચીની પ્રમુખ સાથે વાતચીત કરી
- ભવ્ય સ્વાગત કરવા બદલ મોદીએ ચીની નેતાઓનો આભાર માન્યો
- ચીની પ્રમુખ જિનપિંગ ગયા વર્ષે સપ્ટેમ્બરમાં ભારત આવ્યા હતા અને અમદાવાદની મુલાકાત લીધી હતી
- સૌથી પહેલા પ્રતિનિધિસ્તરની વાતચીત પણ યોજાઈ
- મોદીએ હિંદીમાં અને જિનપિંગે ચીની ભાષામાં સૂચનો કર્યા
- મોદી આવતીકાલે ચીની વડાપ્રધાન લી સાથે વાતચીત કરશે
- વાતચીત કરતા પહેલા મોદીનું ગાર્ડ ઓફ ઓનર સાથે વિધિવત સ્વાગત કરાશે

## કેજરીવાલને ફટકો : ફતવા ઉપર સુપ્રીમનો આખરે સ્ટે

નવી દિલ્હી,તા. ૧૪

એક મહત્વપૂર્ણ ઘટનાક્રમમાં દિલ્હીમાં આમ આદમી પાર્ટી સરકાર દ્વારા જારી કરવામાં આવેલા પરિપત્ર પર સ્ટે મુકી દીધો છે. મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલને આના કારણે પીછેહઠનો સામનો કરવો પડ્યો છે. સમાચાર પ્રસારણ અથવા પ્રકાશન માટે મીડિયા સંસ્થા સામે બદનક્ષીના કેસ લડવાને લઈને કેજરીવાલે મક્કમ વલણ અપનાવ્યું હતું. આના કારણે કેજરીવાલ હાલ વિવાદના ઘેરામાં રહ્યા હતા. મુખ્યમંત્રી, તેમના પ્રધાનમંડળ અને સરકારની પ્રતિષ્ઠા ખરડે તેવા સમાચાર પ્રકાશન માટે મીડિયા સંસ્થાઓ સામે બદનક્ષીના કેસ દાખલ કરવાની સુચના કેજરીવાલે જારી કરી હોવાના અહેવાલ આવ્યા હતા. કેજરીવાલને નોટિસ પણ ફટકારવામાં આવી છે. વચગાળાના પગલારૂપે વધુ આદેશ જારી કરવામાં ન આવે ત્યાં સુધી પરીપત્ર પર સ્ટે મુકી દેવાયો છે. જસ્ટીસ દિપક મિશ્રા અને પ્રફુલ સી પંથની બનેલી બેંચે આ આદેશ કર્યો હતો.

## સલમાનની સાક્ષીઓની ચકાસણીની અરજી રદ

મુંબઈ,તા. ૧૪

જોધપુર કોર્ટેબોલીવુડના દબંગ સ્ટાર સલમાન ખાનની અરજી ઉપર સુનાવણીને લઈને આજે ફરી માહિતી એકત્રિત કરી હતી. સલમાન ખાનના આર્મ્સ એક્ટ કેસમાં કોર્ટે સાક્ષીઓની ફેરચકાસણીની માંગ કરતી સલમાન ખાનની અરજીને ફગાવી દીધી હતી. આર્મ્સ એક્ટ હેઠળ સલમાન સામે કેસ ચાલી રહ્યો છે. અભિનેતાએ તેમની સામે નોંધાયેલા કેસમાં પાંચ સાક્ષીઓની ફેરચકાસણીની અરજી દાખલ કરી છે. સુરજ બડજાતિયાની ફિલ્મ હમ સાથ સાથ હેનું શુટિંગ કરવામાં આવ્યું ત્યારે સમગ્ર મામલો સપાટી પર આવ્યો હતો. સલમાન ખાને આ મામલામાં નિર્દોષ હોવાની દલીલો કરી છે. જોધપુર કોર્ટમાં ૨૯મી એપ્રિલ ૨૦૧૫ના દિવસે કોર્ટ સમક્ષ સલમાન ખાને ધારદાર દલીલો કરી હતી આ કેસ ૧૫મી ઓક્ટોબર ૧૯૯૮ના દિવસે આર્મ્સ એક્ટ હેઠળ વન્ય અધિકારીઓ દ્વારા સલમાન સામે નોંધવામાં આવ્યો હતો. સલમાન ખાનનો હથિયારોના લાઈસન્સ સાથે સંબંધિત મામલો ચકાસવામાં આવ્યો હતો. હથિયારોની લાઈસન્સની અવધિ પરીપૂર્ણ થઈ ચુકી હતી. જોધપુર કોર્ટે સલમાન ખાનની સાક્ષીઓની ફેરચકાસણીની અરજીઓને ફગાવી દીધી છે જેથી સલમાનને વધુ એક ફટકો પડ્યો છે.

## કાબુલમાં ગેસ્ટ હાઉસ પર ફરી ત્રાસવાદી હુમલો : ૧૪ના મોત

કાબુલ,તા. ૧૪

અફઘાનિસ્તાનના પાટનગર કાબુલમાં વિદેશી લોકો માટે ખૂબ જ લોકપ્રિય રહેલા પાર્ક પેલેસ ગેસ્ટહાઉસ ઉપર કરવામાં આવેલા ભીષણ હુમલામાં ચાર ભારતીય લોકો સહિત ૧૪ લોકોના મોત થયા છે. બંદુકધારીઓ દ્વારા આ હુમલો એક કેનેડિયનનું સન્માન કરવા સાથે સંબંધિત સંગીત કાર્યક્રમ શરૂ થાય તે પહેલાં કરવામાં આવ્યો હતો. આ હુમલાના કારણે ભારે નાસભાગ મચી ગઈ હતી. હુમલો કરવામાં આવ્યો ત્યારે હોટલની અંદર વિદેશીઓ સહિત ૬૦થી પણ વધુ લોકો હતા. મોટાભાગના લોકોને બચાવી લેવાયા હતા. એમ માનવામાં આવે છે કે હુમલો કરવામાં આવ્યો ત્યારે છ ભારતીયો પણ અંદર હતા. હુમલાની જવાબદારી તાલિબાને સ્વિકારી લીધી છે. આતંકવાદીઓએ એક નિવેદનમાં કહ્યું છે કે, આ હુમલો મહત્વના લોકો સામેલ હતા તે લોકોને ટાર્ગેટ બનાવીને કરાયો હતો. અગાઉ પણ બંદુકધારીઓએ લશ્કર ગાહ ખાતે વધુ એક હુમલો કર્યો હતો જેમાં ૧૨ લોકો માર્યા ગયા હતા. તમામ અહેવાલોમાં હુમલાખોરોના સંદર્ભમાં વિરોધાભાષી અહેવાલ મળી રહ્યા છે. જોકે બાન કટોકટીનો અંત આવી ગયો છે. અન્યોને બચાવી લેવામાં આવ્યા છે. અફઘાનિસ્તાનમાં ભારતના રાજદુત અમરસિંહાએ કહ્યું હતું કે, તમામ સાવચેતીઓ લેવામાં આવી ચુકી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ગેસ્ટ હાઉસ પર બુધવારે મોડી રાત્રે હુમલો કરવામાં આવ્યા બાદ આમાં ઓછામાં ઓછા ૪ ભારતીય લોકોના મોત થયા છે. કુલ ૧૪ લોકોના મોત થયા છે. જેમાં એક અમેરિકી નાગરિકનો પણ સમાવેશ થાય છે. કાબુલમાં ભારતના રાજદુત અમરસિંહાએ ટ્વીટ કરીને કહ્યું છે કે ભારતીય લોકોના મોત થયા છે. એવી શંકા વ્યક્ત કરવામાં આવી રહી છે કે ભારતીયોને ટાર્ગેટ બનાવીને આ હુમલો કરવામાં આવ્યો હતો. મોટા ભાગે વિદેશી લોકોથી જ ભરચક રહેતા ગેસ્ટ હાઉસ પર હુમલો કરવામાં આવ્યો હતો. સમાચાર સંસ્થાએ માહિતી આપતા કહ્યું છે કે સુરક્ષા દળો સાથે સાત કલાક સુધી ઓપરેશન ચાલ્યું હતુ. કુલ ૧૪ લોકોના મોતને સમર્થન મળ્યું છે. ૫૪ લોકોને સુરક્ષિત બચાવી લેવામાં આવ્યા હતા. હુમલામાં છ લોકો ઘાયલ પણ થયા છે. જે સમય હુમલો કરવામાં આવ્યો ત્યારે એક સંગીત કાર્યક્રમમાં ભાગ લેવા માટે અનેક વિદેશી નાગરિકો એકત્રિત થયા હતા. પાર્ક પૈલેસ ગેસ્ટ હાઉસ પર કરવામાં આવેલા હુમલાની જવાબદારી હજુ સુધી કોઈ પણ ત્રાસવાદી સંગઠને સ્વીકારી નથી. પરંતુ આની પાછળ તાલિબાનો હાથ હોઈ શકે છે. ભુતકાળમાં તાલિબાની ત્રાસવાદીઓ દ્વારા આ તમામ સ્થળો પર હુમલા કરતા રહ્યા છે. અહીં વિદેશી લોકો મોટા પાયે એકત્રિત થાય છે અમેરિકી પ્રવકતા મોનિકા કમિંગ્સે કહ્યુ છે કે આ હુમલામાં એક અમેરિકી નાગરિકનુ મોત થયું છે. ગયા વર્ષે કાબુલમાં બે આવા જ હુમલા કરવામાં આવ્યા હતા. જે પૈકી એક રેસ્ટોરન્ટ પર અને અન્ય હોટેલ પર હુમલો કરવામાં આવ્યો હતો. કાબુલ પોલીસના વડા અબ્દુલ રહેમાન રહીમીએ પત્રકારો સાથે વાતચીત કરતા કહ્યું હતું કે પાંચ લોકોના મોત હુમલામાં થયા છે. પોલીસે એક હુમલાખોરને પણ ઠાર માર્યો છે. પાંચ અન્ય ઘાયલ થયા છે. સમગ્ર તંત્ર હુમલા બાદ હચમચી ઉઠ્યું હતુ. અફઘાન સુરક્ષાદળોએ મોડેથી ઓપરેશન હાથ ધરીને તમામ ત્રણેય હુમલાખોરોને ઠાર મારી દીધા હતા. સાત કલાકથી પણ વધુ સમય સુધી આ ઓપરેશન ચાલ્યું હતું. અફઘાનિસ્તાનના સુરક્ષાદળો હાલમાં તાલિબાની હુમલાનો સામનો કરી રહ્યા છે. અમેરિકાના અને નાટોના દળોએ ગયા વર્ષના અંતે તેમના યુદ્ધ ઓપરેશનને પૂર્ણ કર્યા બાદ અફઘાનિસ્તાનના જવાનોને મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે.



**કોલગેટ-ટુજી કેસમાં સુપ્રીમનો ફેંસલો**

## આરોપીઓ સાથે સિંહાની મીટિંગો બિલકુલ અયોગ્ય

નવી દિલ્હી,તા. ૧૪

સુપ્રીમ કોર્ટે એક મહત્વપૂર્ણ ઘટનાક્રમમાં આજે જણાવ્યું હતું કે, કોલગેટ અને ટુજી કેસમાં આરોપી સાથે સીબીઆઈના પૂર્વ ડિરેક્ટર રણજિતસિંહાની વાતચીત અને બેઠકો બિલકુલ અયોગ્ય હતી. સુપ્રીમ કોર્ટે આ મામલામાં તપાસ કરવાની સુચના આપી છે. સેન્ટ્રલ વિઝીલન્સ કમિશનને આમાં મદદ કરવા માટે પણ કહેવામાં આવ્યું છે. જસ્ટીસ મદન બી લાકોરના નેતૃત્વમાં બેંચે કહ્યુ હતું કે, આક્ષેપોમાં તથ્ય રહેલા છે. સિંહા કેસના તપાસ અધિકારીઓની ગેરહાજરીમાં આવા લોકોને મળ્યા હતા. છઠ્ઠી જુલાઈ સુધી અથવા તો તે પહેલા આ મુદ્દે અહેવાલ રજુ કરવા સીવીસીને સુચના આપવામાં આવી છે. રજુઆતમાં મેરિટને જોવાની ઈચ્છા સુપ્રીમ કોર્ટે વ્યક્ત કરી છે. જસ્ટીસ કુરિયન જોસેફ અને એકે સિકરીની બનેલી બેંચે કહ્યુ હતું કે, સીબીઆઈના એક ડિરેક્ટર આઈઓની ગેરહાજરીમાં આરોપી લોકોને મળે તે બાબત બિલકુલ યોગ્ય નથી. વકિલ પ્રશાંત ભૂષણના પ્રોસીક્યુશનની માંગ કરતી અરજીને પણ ફગાવી દેવામાં આવી હતી.

ભૂષણ દ્વારા સ્પેશિયલ તપાસ ટીમ દ્વારા તપાસની માંગ કરીને એનજીઓ તરફથી દાખલ કરાયેલી અરજીમાં રજુઆત કરી હતી. ભૂષણે એનજીઓ વતી રજુઆત કરીને તપાસને ધીમી ગતિએ પાડી દેવા તેમના હોદ્દાના દુરુપયોગનો આક્ષેપ કર્યો હતો. કોલસા બ્લોક ફાળવણી કેસમાં તપાસને ધીમી ગતિએ કરી દેવાનો સિંહા ઉપર આક્ષેપ કરાયો હતો. પોતાની અરજીમાં એનજીઓ કોમનકોઝે આક્ષેપ કર્યો હતો કે, સીબીઆઈના પૂર્વ ડિરેક્ટરના નિવાસ સ્થાનના વિઝીટર રજિસ્ટારમાં એન્ટ્રીથી સ્પષ્ટ થાય છે કે તેઓએ હાઈપ્રોફાઈલ આરોપીઓ સાથે બેઠક કરી હતી. આ લોકો કોલસાબ્લોક ફાળવણીમાં સીધી રીતે સામેલ હતા. અરજીમાં જણાવાયું હતું કે, વાતચીત દરમિયાન કઈ બાબતોની આપ-લે થઈ હતી તેમાં કોર્ટ દ્વારા નિરીક્ષક હેઠળની સીટ દ્વારા તપાસની જરૂર છે. બેંચે આ મામલામાં ૧૩મી એપ્રિલે તેનો ચુકાદો અનામત રાખ્યો હતો જેમાં સિંહાએ દાવો કર્યો હતો કે, ભૂષણ પાછળ કેટલાક છુપાહાથ કામ કરી રહ્યા છે.

## ગેંગ ઝડપાઈ

● **અનુસંધાન પાંચમાનું ચાલુ**

મૂળ યુ.પી.ના રહેવાસી પાંચ શખ્સોને ઝડપી પાડ્યા છે. ડીસા તાલુકાના રાણપુર આથમણાવાસ ગામે રહેતા પરેશકુમાર લક્ષ્મીચંદ સોલંકી (માળી) ડીસા સ્પોર્ટસ ક્લબ કન્ઝુમર્સ સોસાયટીના મેનેજર તરીકે ફરજ બજાવે છે. જેઓ તા. ૧૫-૧૧-૨૦૧૪ રોજ દૂધના વેપારના રૂ. ૫૦,૦૦૦ થેલીમાં લઈને ચાની હોટલે ગયા હતા. ત્યારે તેમના શર્ટ ઉપર મેલુ પડ્યુ હતુ. આ અંગે ચાની હોટલવાળાએ પરેશકુમાર લક્ષ્મીચંદ સોલંકી(માળી) એ ડીસા ઉત્તર પોલીસ મથકે નોંધાવી હતી. ત્યારબાદ ફરીથી ગત મંગળવારે પરેશકુમાર સોલંકી સ્પોર્ટસ ક્લબ ઉભા હતા. તે દરમિયાન ફરીથી તેમના ઉપર મેલુ નાખી ચીલઝડપ કરવાનો પ્રયાસ કરાયો હતો. પરંતુ તેમની સમય સૂચકતાથી તેઓ બચી ગયા હતા અને તેમની પાસે ઉભેલા અજાણ્યા શખ્સ ઉપર પરેશકુમાર લક્ષ્મીચંદ સોલંકી (માળી)ને શંકા ગઈ હતી. જેથી તેમણે ડીસા ઉત્તર પોલીસમથકે જાણવા જોગ અરજી આપી હતી. જેના અનુસંધાને પી.એસ.આઈ. જે.બી. આસોડીયા, મુકેશભાઈ પરમાર, નાગજીભાઈ દેસાઈ, નરેન્દ્રભાઈ પંડ્યા, વિજયભાઈ ઠાકોર સહિત પોલીસ સ્ટાફે શકમંદ શખ્સ અર્જુન કાનપુરીયાકુમાર (મૂળ રહે. ઉનાવા, યુ.પી.)ની અટકાયત કરી પૂછપરછ કરતાં તેને આ ગુનો કબુલી લીધો હતો. જેમાં પોલીસે તેની વધુ પૂછપરછ કરતા આ સમગ્ર મેલુ નાખી ચીલઝડપ કરવાવાળી ગેંગનો પર્દાફાશ થયો હતો અને તેઓ નાની ૧૦ વર્ષની કિશોરીનો ઉપયોગ કરી ચીલઝડપ કરતાં હોવાનું કબુલ્યુ હતું. જેમાં અન્ય ચાર શખ્સો જોઈતી ઉર્ફે દીપક મદરાસી રામુ કુમાર, મુરલી રામુ કુમાર, સુબ્રમણ્યમ રામુ તૈલી (કુમાર), કાલી રામુ તૈલી (કુમાર) (તમામ મૂળ રહે. ઉનાવા, યુ.પી.)ની અટકાયત કરી હતી.

**ટેલિકોમ કંપનીઓની અરજી સુપ્રીમે ફગાવી દીધી**

## લાઈસન્સ લંબાવવા માટેની અરજી સુપ્રીમે ફગાવી દીધી

નવી દિલ્હી,તા. ૧૪

વોડાફોન અને ભારતી એરટેલ સહિત જુદી-જુદી ટેલિકોમ કંપનીઓ દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીઓની બેંચને સુપ્રીમ કોર્ટે આજે ફગાવી દીધી હતી. ટેલીકોમ કંપનીઓએ તેમના સ્પેક્ટ્રમ લાઈસન્સને લંબાવી દેવાની માંગ કરી હતી. જે ચેલામેશ્વરના નેતૃત્વમાં બેંચે કહ્યું હતું કે, અમે રજુઆતમાં કોઈપણ મેરીટ જોઈ રહ્યા નથી. અરજીદારોની અરજી ફગાવી દેવામાં આવે છે. સુપ્રીમ કોર્ટે ભારતી એરટેલ, આઈડિયા સેલ્યુલર, વોડાફોન મોબાઈલ સર્વિસ, લુપ મોબાઈલ ઈન્ડિયા દ્વારા દાખલ કરાયેલી આવી જ અરજી પર તેનો ચુકાદો અનામત રાખ્યો હતો. આ લોકોએ વધુ ૧૦ વર્ષ માટે તેમના ૨૦ વર્ષના સ્પેક્ટ્રમ લાઈસન્સને લંબાવવાની માંગ કરી હતી. ટેલિકોમ ઓપરેટરોએ તેમના લાઈસન્સને લંબાવવા માટે અરજીઓને ફગાવી દેવાના સરકારના નિર્ણયને પડકાર ફેંક્યો હતો. તેમના દ્વારા સરેન્ડર કરવામાં આવેલા સ્પેક્ટ્રમની હરાજીનો મામલો પણ જોડાયેલો છે. ટેલિકોમ કંપનીઓની એવી દલીલ છે કે, શરતો ૨૦ વર્ષના લાઈસન્સમાં ખૂબ જ જટીલ છે. જેમાં જણાવાયું છે કે, લાઈસન્સને વધુ ૧૦ વર્ષ માટે લંબાવી શકાય છે. બીજીબાજુ સરકારની એવી દલીલ છે કે, કાયદામાં જણાવાયું છે કે લાઈસન્સને લંબાવી શકાય છે જેથી કેટલાક અન્ય ધારાધોરણો પાડવાની ખૂબ જરૂર છે. ૨૩મી માર્ચના દિવસે સુપ્રીમ કોર્ટે સ્પેક્ટ્રમ હરાજી ઉપર સ્ટે મુકવાની અરજીને ફગાવી દીધી હતી. પરંતુ ઝડપથી આ કેસમાં સુનાવણી કરવાની તૈયારી બતાવી હતી.

## બેંગ્લોર-હૈદરાબાદની વચ્ચે આજે ખરાખરીનો જંગ

હૈદરાબાદ, તા. ૧૪

હાઈપ્રોફાઈલ ઈન્ડિયન પ્રીમિયર લીગ-૮ની પ્રથમ તબક્કાની મેચો હવે પૂર્ણ થવા આવી છે. આ વખતે કોઈપણ ટીમ તમામ મેચો જીતીને આગેકૂચ કરવામાં સફળ રહી નથી. મહેન્દ્રસિંહ ધોનીના નેતૃત્વમાં ચેન્નાઈ સુપર જેવી ટીમ પણ તમામ મેચ જીતી શકી નથી. આવી સ્થિતિમાં સ્પર્ધા વધુ રોમાંચક બની છે. આવતીકાલે હૈદરાબાદ અને બેંગ્લોર વચ્ચે જંગ ખેલાનાર છે. બન્ને ટીમો પૈકી રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરે હજુ સુધી ૧૨ મેચમાં ૧૩ પોઈન્ટ મેળવ્યા છે. વિરાટ કોહલીના નેતૃત્વમાં રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરની ટીમમાં ક્રિસ ગેલ, ડિવીલીયર્સ જેવા ધરખમ ખેલાડીઓ રહેલા છે. બીજીબાજુ હૈદરાબાદની ટીમમાં પણ કેટલાક આધારસ્તંભ બને તેવા ખેલાડી છે. જેમાં કેપ્ટન ડેવીડ વોર્નર, શિખર ધવનનો સમાવેશ થાય છે. બોલ્ટ અને બોપારાની પણ મહત્વની ભૂમિકા રહી શકે છે. આ મેચનું પ્રસારણ રાત્રે ૮ વાગ્યાથી કરવામાં આવનાર છે. બન્ને ટીમોને પોતાની સ્થિતિને વધારે મજબુત કરવાની તક રહેલી છે. હૈદરાબાદમાં રમાનાર મેચને લઈને તૈયારી કરી લેવામાં આવી છે. સુરક્ષા વ્યવસ્થા પણ મજબુત કરી દેવામાં આવી છે. બન્ને ટીમો નીચે મુજબ છે.

સનરાઈઝર્સ હૈદરાબાદ : શિખર ધવન, લોકેશ રાહુલ, નમન ઓઝા, પરવેઝ રશુલ, કરણ શર્મા, ભૂવનેશ્વર કુમાર, ઈશાંત શર્મા, આશીષ રેડ્ડી, રિકી ઘુઇ, ચામા મિલિન્દ, લક્ષ્મીરતન શુક્લા, પ્રવિણ કુમાર, હનુમા વિહારી, પ્રશાંત પદ્માનાભાન, સિદ્ધાર્થ કોલ,ડેવિડ વોર્નર (કેપ્ટન), કેન વિલિયમસન, ડેલ સ્ટેઈન, હેન્રિક્સ, ઈઓન મોરગન, રવિ બોબારા, ટ્રેન્ટ બોલ્ટ,

રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર : વિરાટ કોહલી (સુકાની),દિનેશ ક્રાતિક, બર્દીનાથ, વિજય ઝોલ, માનવિન્દર બિસ્લા, વરુણ આરોન, અશોક ડીંડા, હર્ષલ પટેલ, અબુનેચિવ, સંદીપ વરિયર, યોગેશ તકવાલે, યુજવેન્દર ચહલ, ઈકબાલ અબ્દુલ્લા, મનદિપસિંહ, સરફરાજ ખાન, જલજ સકસેના, સીસી ભાવને, ડિવિલિયર્સ, ક્રિસ ગેઈલ, મિચેલ સ્ટાર્ક, મેડિસન, રોસવો, સમ્મી, સિન એબોર્ટ, મિલાઈન, ડેવિડ વાઈસ